ગાંધીનગર સમાચાર
તા. ૯-૭-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

રાજયપાલ પદની ક્રૂર મજાક

કેન્દ્ર સરકારે તાબડતોબ ગુજરાતનાં રાજયપાલ ડૉ. કમલા બેનીવાલને છૂંટા કરવાની જે ઉતાવળ દાખવી છે, તે આશ્ચર્ય કરતાં વિશેષ આઘાત પમાડે એ બરની છે. વયોવૃદ્ધ રાજયપાલને સરકાર બદલાતાંની સાથે જ પદથી રાજીનામું આપી દેવાના સંકેત અપાઇ ગયા હતા. રાજયપાલના કાર્યકાળમાં માંડ ચારેક મહિના જ બાકી હોઇ એમને રાજીનામું ન આપ્યું અને બંધારણીય નિમણૂંક હોઇ બીજા રાજયોનાં કોઇ રાજયપાલો કાનૂની અભિપ્રાય માગશે ત્યાં સુધી પોતાનો નિવૃત્તિ સમય આવી જશે, એવી ભ્રમણામાં રહ્યા હશે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ એમનું ભ્રમનિરસન કરાવી દઇ એમના સર્વશક્તિમાનપણાનો પરચો બતાવી દીધો છે. એક તરફ કમલા બેનીવાલને બારોબાર છેક છેવાડા પર્વતીય રાજય મિઝોરમમાં નિમણૂંક કે 'નોકરી' સ્વીકારવા વિશેનો પ્રત્યુત્તર મળે એની રાહ જોયા વગર રાજસ્થાનનાં મૂળ કોંગ્રેસી ગોત્રનાં જ રાજયપાલ શ્રીમતી માર્ગારેટ અલ્વાને ગુજરાતના રાજયપાલ તરીકેનો વધારાનો હવાલો પણ સોંપી દીધો. આ ઘટના રાજયપાલ પદના ગૌરવની કરૂણ મજાક સમી ઘટના છે. રાજયપાલ સંસ્થાની નિરર્થકતા પણ આ ઘટનામાં પ્રતિબિંબિત થાય છે. રાજયપાલો એ શાસક સત્તાધારી પાર્ટીનાં હિતોનાં રખેવાળ જ હોવા જોઇએ - એવો એક સૂર પણ આ પ્રસંગમાંથી સંભળાય છે. કમલા બેનીવાલ પંચ્યાસી વટાવી ચૂકેલાં વૃદ્ધ મહિલા છે. એ મૂળે રાજસ્થાનનાં વતની છે અને જૂનાં સ્વાતંત્ર્ય સેનાની છે. એમના પિતાએ મહાત્મા ગાંધી સાથે આઝાદીની ચળવળમાં સક્રિય ભૂમિકા નિભાવી હતી. સંસ્કૃતમાં પીએચ.ડી. જેવી સર્વોચ્ચ શૈક્ષણિક ઉપાધિ ધરાવતા શ્રીમતી કમલા બેનીવાલ રાજસ્થાન સરકારમાં નાયબ મુખ્યમંત્રીપદ પણ સંભાળી ચૂક્યા છે. એમના ઉત્તર જીવનમાં ગુજરાતના રાજયપાલ પદ દરમિયાન રાજય સરકાર વિરૂદ્ધ આવેલ સંઘર્ષનો સમય એ અનેક સંદર્ભે યાદગાર રહેશે. રાજય સરકારનાં કેટલાંક વિવાદાસ્પદ વિધેયકો એમને પોતાના વિશેષાધિકાર વાપરી અટકાવ્યા હતા. આથી એમની છાપ કોંગ્રેસી નેતાગીરીના ઇશારે કામ કરતાં રાજયપાલ તરીકે દૃઢ થઇ ગઇ હતી. સૌથી મોટો વિવાદ ગુજરાત લોકાયુક્તની નિમણૂક બાબતે સરજાયો હતો. ઘણા લાંબા સમયથી રાજય સરકારમાં લોકાયુક્તિનું પદ ખાલી હતું અને સરકારની દાનત એ પદ ખાલી જ રહે અથવા પોતાના અનુકૂળ મહાનુભાવની જ નિમણૂક દ્વારા ભરવામાં આવે એવી હતી. જસ્ટિસ આર.એ. મહેતાની પસંદગી તત્કાલીન ગુજરાત હાઇકોર્ટનાં મુખ્ય ન્યાયમૂર્તિ અને વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલની સંમતિથી થઇ હતી. રાજયના મુખ્યમંત્રીએ એમના નામ સામે સખત નારાજગી દર્શાવી હોવાં છતાં રાજયપાલશ્રીએ એમનો વિશેષાધિકાર વાપરી એ નિમણૂક બહાર રાખતાં ભારે વિવાધ સરજાયો હતો. અદાલતોનાં ચક્કર ચાલુ થયાં હતા અને આખરે સર્વોચ્ચ અદાલતે રાજયપાલ દ્વારા કરાયેલ નિમણૂકને એમનો વિશેષાધિકાર ગણી માન્ય ઠેરવતાં રાજય સરકાર નામોશીભરી સ્થિતિમાં મૂકાઇ ગઇ હતી. રાજય સરકારની ઇચ્છા વિરૂદ્ધ લોકાયુક્તનું પદ સંભાળવા જસ્ટિસ આર.એ.મહેતા તૈયાર ન હતા, એથી રાજયપાલ પણ મૂંઝવણભરી પરિસ્થિતિમાં મુકાયાં હશે. રાજય સરકારે તો આર.એ.મહેતાની નિમણૂંકને રદ-બાતલ ઠેરવવા માટે લોકાયુક્ત નિમણૂકના નિયમો જ ધરમૂળથી બદલી નાખવા સુધીની કવાયત કરી હતી, છતાં સર્વોચ્ચ અદાલતનો આદેશ સરકાર માટે બંધનકર્તા હતો. જસ્ટિસ મહેતા જાતે જ ખસી ગયા એથી મોદી ભારે રાહત સાંપડી હતી અને તે પછી તેઓ પોતાની પસંદગીના - સરકારને અનુકૂળ લોકાયુક્ત નીમી વિવાદ ટાળી શક્યા હતા. યુનિવર્સિટીઓને એક જ ધારા હેઠળ લાવવાની સરકારની મંશા પર રાજયપાલશ્રીના વિરોધને કારણે અધૂરી રહેવા પામી હતી. ટૂંકમાં, રાજયપાલ સતત રાજય સરકારની સામે વિપક્ષની ભૂમિકા ભજવતાં હોય એવો દેખાવ થતો રહ્યો તે ત્યાં સુધી કે કમલા બેનીવાલને પાછાં બોલાવી લેવા સુધીની રજૂઆતો તત્કાલીન રાજય સરકાર અને સત્તાધારી ભારતીય જનતા પાર્ટી દ્વારા થતી રહી હતી. નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રમાં ભાજપ સરકારની રચના થતાં જ જૂની સરકાર દ્વારા નિમાયેલા રાજયપાલોની હકાલપટ્ટીના ભણકારા સંભળાવા લાગ્યા હતા. મોદીની પ્રકૃતિ જાણનારા કેટલાક રાજયપાલોએ તો સમજીને જ વેળાસર ખસી જવાનું પસંદ કર્યું હતું. પરંતુ ગુજરાતનાં મહામહિમ મહિલાને કદાચ એમના હાથ નીચે શાસન કરી ચૂકેલા પૂર્વ મુખ્યમંત્રીની સૌજન્યશીલતા પર થોડો વધુ પડતો ભરોસો હશે. નરેન્દ્ર મોદીએ રાજયપાલના વિશેષાધીકાર વાપરી ડૉ. શ્રીમતી કમલાજીને વારંવાર એમને ભોંઠપભરી પરિસ્થિતિમાં મૂકી દીધેલા, એ મુદ્દે 'સૌ સુનાર કી, લોહાર કી એક' ન્યાયે કડક બદલો લીધો છે. ચાર જ મહિના ખૂટતા હોવા છતાં આજાર, વયોવૃદ્ધ મહિલા રાજયપાલને એમને બંધારણીય રાહે જ મિઝોરમનો રસ્તો બતાવી દઇ એમના વિરોધીઓને આડકતરો સંકેત આપી દીધો છે. મોદી કોઇને, ક્યારેય માફ કરી શકતા નથી તેનું આ જ્વલંત ઉદાહરણ છે. રાજયપાલશ્રી રાજીનામું આપીને સન્માનપૂર્વક ખસી ગયા હોત તો એમને આજની આ કરૂણાજનક સ્થિતિમાં ન મુકાવું પડ્યું હોત. મોદીએ એમને ચાર મહિનાનો બાકી સમયગાળો ગુજરાતમાં ગાળવા દીધો હોત તો એ વૃદ્ધ રાજયપાલ એમને કે ગુજરાતમાં મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનને નડી પણ શક્યા ન હોત. જો કે રાજયપાલશ્રીએ છેલ્લે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિની નિમણૂકમાં દાખવેલું વલણ અરજન્ટ ટ્રાન્સફરનું કારણ બની રહયું હોય, એ પણ બનવાજોગ છે. શું આ ઘટના રાજયપાલ જેવા ગરિમાપૂર્ણ પદની કરૂણ મજાક સમી નથી લાગતી?

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ગાંધીનગર દ્વારા અર્પણ-રમેશ અમીન પ્રસ્તુત નાટક 'દિકરી મારી લાજવાબ' રજૂ થયું હતું. ૫ મી જુલાઈને શનિવારને રોજ ટાઉનહોલ ખાતે પ્રસ્તુત આ દ્વિઅંકી નાટક સ્વ. પંકજ પટેલ દ્વારા લખવામાં આવ્યું જ્યારે દિગ્દર્શન મેહુલ પટેલે કર્યું હતુ. પરેશ શુકલ, ભાર્ગવ જોષી, વિવેક શાહ, મનીષા નારકર, ભક્તી ઠક્કર, કામીની પટેલ, મેહુલ પટેલ દ્વારા અભિનીત આ નાટક દ્વારા સંબંધોનું સન્માન કરતું હળવુ મનોરંજન પીરસ્યુ હતુ. પરિવાર સાથે માળવા લાયક નાટકમાં સ્ટેજના વિવિધરંગો દ્વારા માવજત કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

નગરના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ ક્લાસનો શુભારંભ

ગાંધીનગર, તા. ૮

શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓને લઈને દરેક સમાજ દ્વારા સમાજ ઉત્થાનનું ભગીરથ કાર્ય આરંભવામાં આવ્યું છે. ત્યારે નવચેતના ક્લબ દ્વારા સિદ્ધાર્થ લૉ કોલેજ ખાતે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ક્લાસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાને લઈને શિક્ષણનો માહોલ જોવા મળી રહ્યો છે. દરેક સમાજની સંસ્થાઓમાં સમાજનું બાળક આગળ આવે તે હેતુથી ક્લાસીસ શરૂ કરવામાં આવ્યા છે. ગાંધીનગરના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે નવચેતના ક્લબ ગાંધીનગર, નિમેષ વાઘેલા, દેવેન વર્મા અને દશરથ પરમાર દ્વારા સમાજને મદદરૂપ થવાના આશયથી તાલિમ આપવા માટે ક્લાસીસ શરૂ કરવામાં આવ્યા છે.

ગત તા. ૬ના રોજ સાંજે ૫.૦૦ વાગે સિદ્ધાર્થ લૉ કોલેજ ખાતે તાલીમ વર્ગનું ઉદ્‌ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આર.એમ. જાદવે પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. તેમજ જયેશભાઈ શ્રીમાળીએ ગુજરાતી વિષયમાં કેવી રીતે સફળતા મેળવી શકાય તેની માહિતી પુરી પાડી હતી.

ડૉ. આંબેડકર ઓપન યુનિ.ના ઉપક્રમે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે નિઃશુલ્ક ટ્રેનીંગ પ્રોગ્રામ યોજાશે

સાબરમતી ખાતે રજીસ્ટ્રેશન સેમીનારનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ઈન્ટરનેશનલ ગુરૂ બ્રાહ્મણ સોસિયલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન-અમદાવાદના ઉપક્રમે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે નિઃશુલ્ક ટ્રેનીંગ પ્રોગ્રામ રજીસ્ટ્રેશન કરાવવાનો અને આ વિષયક સેમીનાર એચ.એચ. હાઈસ્કૂલ, સાબરમતી ખાતે યોજવામાં આવ્યો હતો.

અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિઓના ૧૮ થી ૪૦ વરસના યુવા ભાઈ-બહેનો ખૂબ જ મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ગર્વનર હાઉસ રીપ્રેઝન્ટેટીવ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રી મૌલિક શ્રીમાળીએ દીપ પ્રગટાવી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો તથા હરિફાઈના યુગમાં આવશ્યક બાબતો પર વિસ્તૃત માર્ગદર્શન આપી સામાજિક-શૈક્ષણિક ક્રાંતિ માટે યુવકોને હાકલ કરી હતી.

આ પ્રસંગે ઈન્ટરનેશનલ ગુરૂ બ્રાહ્મણ સોસિયલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, અમદાવાદના વાઈચ ચેરમેન શ્રી દીપ આચાર્યએ રજીસ્ટ્રેશન અંગેની સંપૂર્ણ વિગત આપી હતી. સેમીનારમાં અતિપછાત જાતિઓ માટેની રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉચ્ચશિક્ષણ યાત્રાની વિગત શ્રી ભાનુપ્રસાદ દવેએ આપી હતી. સ્વામીનારાયણ ગુરૂકુળ અમરેલીના ડાયરેક્ટર શ્રી રોનક આર. શાસ્ત્રી, નરસિંહ ભગત છાત્રાલયના હાઉસ માસ્ટર શ્રી મહેશ શ્રીમાળી, શ્રી ક્રિશ્નકાંતભાઈ શ્રીમાળી, શ્રી પી.એમ. પંડ્યા, લોકસાહિત્યકાર શ્રી બાબુલ બારોટ સહિતના વક્તાઓએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ શ્રી સુરેશ શાસ્ત્રી અને સમગ્ર ટીમે કાર્યક્રમનું સુંદર આયોજન કરીને સેમીનારને સફળતા અપાવી હતી. એચ.એચ. પટેલ હાઈસ્કૂલ રામનગરના આચાર્ય પરેશભાઈ પટેલ, સાહિત્યકાર શ્રી મણીભાઈ શ્રીમાળી, શ્રી ફકીરચંદ શ્રીમાળી, શ્રી વિજય શ્રીમાળી, ગાયત્રી ઉપાસક શ્રી પ્રકાશભાઈ પાનસરવાળા, શ્રી મુકેશ દવે સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તથા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

નગરપાલિકાની શાળાના શિક્ષકો માટે ફર્સ્ટએડ તાલીમ

ગાંધીનગર, તા. ૮

ભાવનગરની શિશુવિહાર સંસ્થામાં અમૃત મહોત્સવ પ્રસંગે સેન્ટ જ્હોન એમ્બ્યુલન્સ એસોસિએશન તથા શિશુવિહાર સંસ્થાના ઉપક્રમે આગામી તા. ૧૦ ગુરૂવારે પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ફર્સ્ટએડ તાલીમ યોજી ફર્સ્ટએડ બોક્સનું વિતરણ કરવામાં આવશે.

શિશુવિહાર સંસ્થામાં સવારે ૧૦.૩૦ વાગે યોજાનાર કાર્યક્રમ પ્રસંગે શિક્ષકોને જુનિયર રેડક્રોસ તથા શિશુવિહાર સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૪માં શરૂ થયેલ હિમોગ્લોબિન તપાસ કાર્યક્રમ વિષયે શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવશે.

સંસ્થા બાળ પુસ્તકાલય યોજના અંતર્ગત તમામ શાળાને આ શૈક્ષણિક વરસે પણ બાળ પુસ્તકો આપી બાળકોમાં વાંચન વિકાસ થતો રહે તે માટે પ્રયત્નશીલ રહેશે. તેમ સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

બાજખેડાવાળ મંડળ ગાંધીનગર દ્વારા જ્ઞાતિના તેજસ્વી બાળકોનું સન્માન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૮

નગરમાં વસવાટ કરતા બાજખેડાવાળ જ્ઞાતિજનોના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ બાલાજી મંદિર ખાતે નિવૃત્ત જજ દિનેશભાઈ ભટ્ટના મુખ્ય મહેમાન પદે યોજવામાં આવ્યો હતો. તેમજ વર્ષ ૨૦૧૪-૧૫ માટેના હોદ્દેદારોની વરણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

બાજખેડવાળ મંડળ ગાંધીનગર દ્વારા ગત તા. ૬ ના રોજ બાલાજી મંદિર ખાતે તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મંડળ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ચાલુ વર્ષે જ્ઞાતિજનોના બાળકોનો નોટબુક અને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું તેની માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં સમાજના વિવિધ ક્ષેત્રના બાળકોને મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં નર્સરી-કેજીથી ધોરણ પાંચ સુધી બાળકોને સારી સ્કૂલ બેગ, વોટર-બોટલ લંચબોક્સ સાથે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. જ્યારે બાકીના ધોરણ-૧૨ સુધી વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર સાથે પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ઉપરાંત પરંપરા મુજબ સ્નાતક અને અનુસ્નાતકોને પણ રોકડ પુરસ્કાર સાથોસાથ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ તેજસ્વી તારલાઓમાં નર્સરી-કેજી વિભાગમાં દવે વ્યોમ હિમાંશુભાઈ અને ત્રિવેદી જયનમ રોનકભાઈને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્રાથમિક શાળા વિભાગમાં જોષી પ્રાપ્તિ આશિષભાઈ, જોષઈ દિયા સુજલકુમાર, જોષી દેવાંશ હારિતભાઈ, ભટ્ટ યશવી કલ્પેશભાઈ, દવે જય નીતિનકુમાર, પંડ્યા દિયા પ્રતિકભાઈ, દવે વેદાંશી હેમંતભાઈ, શુકલ તેજશ પ્રફુલભાઈ, દવે વેદાંગ રૂપેશકુમાર, ભટ્ટ દિક્ષા પ્રણવકુમાર તેમજ ઠાકર કશિશ મેહુલકુમારને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. જ્યારે હાઈસ્કૂલ વિભાગમાં મહેતા ક્રિશ્ના બકુલભાઈ, દવે મહેક પ્રદિપભાઈ, જોષી શ્રેય ભાર્ગવભાઈ, જોષી અનિકેત હર્નિશભાઈ, જોષી ધ્યાનમ મહર્ષિભાઈ, ભટ્ટ સાક્ષી કલ્પેશકુમાર, દવે ચાહના નીતિનકુમાર, શેલત શુભમ સ્નેહલભાઈ તેમજ શુકલ ઈશાની પ્રફુલભાઈને પુરસ્કાર અને પ્રમાણપત્ર એયનાત કરવામાં આવ્યા હતા.

તેમજ કાર્યક્રમમાં મંડળના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે ગત વર્ષના હોદ્દેદારોની સેવાઓ ચાલુ રાખવાનું સૂચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ કિરણભાઈ પંડ્યા, મંત્રી સુરેન્દ્રભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ રશ્મિભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કુ. ભૂમિ શેલત અને ધૃતિ દવે દ્વારા કરવામાં આવ્યું હતું.



જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

વર્તમાન પ્રવાહો

૧. વર્ષ ૨૦૧૪માં કયા વન્યજીવ અભ્યારણ્યને ૪૭માં વાઘ રિઝર્વ જાહેર કરવામાં આવ્યું છે?
→ બોર વન્યજીવ અભ્યારણ્ય

૨. તાજેતરમાં કઇ સોશિયલ નેટવર્કિંગ સાઇટને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે?
→ ઓરકૂટ

૩. વર્ષ ૨૦૧૪માં કયા ભારતીય પિસ્ટલ શૂટરે વિશ્વ રેન્કીગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે?
→ જીતૂ રાય

૪. વર્ષ ૨૦૧૪માં રાજસ્થાન રાજય સરકાર દ્વારા કયા પશુને રાજય પશુ તરીકે જાહેર કરવામાં આવ્યું છે?
→ ઊંટ

૫. તાજેતરમાં આંધ્રપ્રદેશનાં કયા ગામમાં (GAIL) (ગૈલ) ગેસ પાઇપલાઇનમાં વિસ્ફોટ થતાં ૧૫ લોકોનાં મોત નિપજયા હતા?
→ નાગારામ

૬. બેડમિન્ટન ઓસ્ટ્રેલિયન ઓપન ટાઇટલ ૨૦૧૪નો ખિતાબ કયા ખેલાડીએ જીત્યો હતો?
→ સાઇના નહેવાલ

૭. તાજેતરમાં ભારતીય આંતરરાષ્ટ્રીય ચામડા (ચામડુ) મેળો ક્યાં યોજાયો હતો?
→ દિલ્હી

૮. ફર્સ્ટ સિટિઝન : રાષ્ટ્રપતિ ભવનમાં પ્રણવ મુખર્જી નામની પુસ્તક કઇ પ્રકાશન સંસ્થા એ છાંપી છે?
→ ધ વીક

૯. તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતે આવેલા અમેરિકી સેનેટર કોણ હતું?
→ જોન મૈકેન

૧૦. સમગ્ર વિશ્વમાં મારકેશ (Marrakesh) સંધિને લાગુ કરનાર પ્રથમ દેશ કયો છે?
→ ભારત

૧૧. તાજેતરમાં ભારતનાં ગરીબી રેખા નક્કી કરવા માટે કઇ સમિતિની રચના કરવામાં આવી છે?
→ રંગરાજન સમિતિ

૧૨. વર્ષ ૨૦૧૪માં 'નાસા' એ કાર્બન ડાયોકસાઇડને માપવા માટે કયા ઉપગ્રહને અંતરીક્ષમાં છોડ્યો છે?
→ ઓરબિટિંગ કાર્બન અબ્ઝ્વેટરી-૨

૧૩. ભારતનું સૌથી પ્રદૂષિત શહેર કયું છે?
→ ન્યુ દિલ્હી

૧૪. PSLV-C-23 રોકેટ કયા અંતરીક્ષ કેન્દ્રથી છોડવામાં આવ્યું છે?
→ શ્રીહરિકોટા

૧૫. ૨૦૧૪માં લિબર્ટી મેડલ કોને એનાયત કરવામાં આવ્યો છે?
→ મલાલા યુસુફ જઇ

૧૬. ૨૦૧૪ અમેરિકાએ ક્યાં ભારતીય વૈજ્ઞાનિકના નામ પર એન્ટાર્કટિકામાં પર્વતનું નામ રાખ્યું છે?
→ આખૌરી સિન્હા

૧૭. તાજેતરમાં વિશ્વના કયા દેશની સેનાએ આતંકવાદીઓનાં વિરૂદ્ધમાં 'ઓપરેશન જાર્બ એ અજબ' શરૂ કર્યું છે?
→ પાકિસ્તાન

૧૮. ૨૦૧૪માં વિશ્વના કયા દેશે ભારતને ૧ બિલિયન યુરોની સહાય આપવાની જાહેરાત કરી છે?
→ ફ્રાંસ

૧૯. ૨૦૧૪માં વર્લ્ડ સ્નૂકર ટાઇટલ IBSF-6 રેડનો ખિતાબ કયા ખેલાડીએ જીત્યો હતો?
→ પંકજ આડવાણી

૨૦. તાજેતરમાં ઉપરાષ્ટ્રપતિ હામિક અંસારીએ કયા દેશની વિદેશયાત્રા કરી હતી?
→ ચીન

૧૬મી લોકસભાના આરંભે બે ગુજરાતી મહાનુભાવોની પાવન સ્મૃતિ

પ્રસંગસર
વી. એસ. ગઢવી

વિશ્વમાં ઘણી લોકશાહીઓનાં બાળમરણ થતાં ઇતિહાસે જોયા છે. આ ઘટનાઓની અનેક વિચારશીલ વ્યક્તિઓએ ભારે હૈયે, વિષાદપૂર્વક નોંધ લીધી છે. જયારે એક ખંડ જેવી વિશાળતા તથા અનેક પ્રકારની વૈવિધ્યતા ધરાવતા આપણા દેશમાં લોકશાહી ગીષ્મના ગુલમહોર જેવી ખીલી રહી છે તે સામાન્ય ઘટના નથી. ચૂંટણીઓમાં આંધીમાં અનેક સમયે વાતાવરણ ધૂંધળું હોવાનું મંતવ્ય રાજકીય વિશ્લેષકો આપતા હોય છે. પરંતુ ઘના-કાળા વાદળોમાં એક પ્રકાશની ઝલક એ કદાચ આપણા મતદારોની જાગૃતિ છે. તેમને જ ખરા સમયે પડકાર ઝીલ્યો છે અને પંડિતોને જેમાં આફતનો અણસાર આવે છે તેવી આફતને અવસરમાં પલટાવી છે. ચૂંટણી પંચના કેટલાંક પ્રગતિશીલ તથા સક્રિય પ્રયાસો, તંત્રનું ચૂંટણી માટેનું કમીટમેન્ટ તથા મતદારોનાં ભારે મતદાનના ત્રિવેણી સંગમથી આપણી લોકશાહીના પવિત્ર મંદિરને વખતો વખત સુવર્ણ કળશ ચડેલો છે. ૧૯૮૯માં મતાધિકાર માટેની વય ૨૧ માંથી ૧૮ કરવામાં આવી. સુધારો થયો ત્યારે સૌએ તેને આવકાર્યો. આમ છતાં, ઘણાં વિચારકોનાં મનમાં એક વાતની ગડમથલ ચાલતી હતી કે ૧૮ વર્ષનો યુવાન મતદાન કરવા પ્રેરાશે કે કેમ? જો મતદાન કરે તો પણ નિરીક્ષિરનો વિવેક જાળવી શકશે કે કેમ? ૨૦૧૪ની લોકસભાની તથા તે અગાઉની કેટલીક વિધાનસભાની ચૂંટણીઓમાં ભારે તથા નિર્ણાયાત્મક મતદાન કરીને યુવાનો સૌની શાબાશી મેળવવા હક્કદાર બન્યા. પોતાના પ્રાપ્ત થયેલાં મતદાનના હક્કને તેઓ સમજ્યા અને પોતાના અંતરાત્માને અનુસરીને મતદાનની પવિત્ર ફરજ બજાવી. શિક્ષણ, આર્થિક સ્થિતિ, સામાજિક પ્રશ્નો તથા કેટલીકવાર ભૌગોલિક પ્રતિકૂળતાઓ વચ્ચે પણ લોકશાહીનો ઉત્સવ ઉજવાતો જોઇને દુનિયાના લોકો પણ વિસ્મય પામ્યા. આ સુખદ સ્થિથિ જોઇને ડૉ. બાબાસાહેબ, ડૉ. રાજેન્દ્રપ્રસાદ, ક.મા. મુનશી તથા બંધારણસભાના અન્ય ગણમાન્ય સભ્યો મારે ફરી ફરી આદરની લાગણી થાય છે. સામાન્ય લોકોની અસામાન્ય સૂઝ તથા સમજમાં આ મહાનુભાવોને સંપૂર્ણ વિશ્વાસ હતો આથી જ દેશનું બંધારણ ભારતની જનતાને સમર્પિત કરીને એક સીમાચિન્હ જેવી રાજકીય વિચક્ષણતાના દર્શન તેમને વિશ્વભરના લોકોને કરાવ્યા. એ જ સામાન્ય લોકોએ બંધારણની ગરિમા તથા પવિત્રતાને કપરાં સંજોગોની વચ્ચે પણ અકબંધ રાખ્યા છે. જયાં પણ તેમને બંધારણની મૂળ ભાવનાઓથી વિપરિત વ્યવસ્થાનો ભાસ પણ થયો છે ત્યાં સામુહિક રીતે પોતાની મતદાનની શક્તિનો ઉપયોગ કરી તે બાબત તે બાબત ત્વરાથી સુધારી લીધી છે. ૧૯૪૭થી ૨૦૧૪ સુધીના અનેક પ્રસંગો તથા ઘટનાઓમાં આમ આદમીની સક્રિયતા તથા નિર્ણયાત્મતાએ ઇતિહાસનું સર્જન કર્યું છે. જીવંત તથા જાગૃત લોકશાહી એ સવાસો કરોડ લોકોનાં ગૌરવનો વિષય બની છે.

સંસદીય લોકશાહી સમજદારીપૂર્વક અપનાવીને વિશાળ દેશનાં બંધારણીય રીતે સુચારું સંચાલન માટે સંસદીય સંસ્થાઓ મજબૂત હોવી જરૂરી છે. લોકહિતની બાબતોના વાસ્તવિક અમલીકરણ માટે દેશની સંસદીયપ્રથાઓ લોકકલ્યાણને નજરમાં રાખીને ઘડવામાં આવે અને ઘડાયા બાદ તે જીવંત રહે તે અનિવાર્ય છે. લોકશાહીનાં મંદિર જેવી પવિત્રતા ધરાવતી આપણી લોકસભા કે વિધાનસભાઓનાં મીનારા ભલે આકાશને આંબલા હોય અને તે ગૌરવનો વિષય પણ છે. પરંતુ આ ભવ્ય સદનોની એક એક ઇંટમાં જેનું લોહી અને પસીનો રેડાયા છે. તે સામાન્ય નાગરિકોની આકાંક્ષાઓ પુરી કરવાના પ્રામાણિક પ્રયત્નો થાય તથા તેવી વ્યવસ્થાઓ ગોઠવાય તેમાં જે તેની ભવ્યતાની સાર્થકતા છે. આપણી આ સંસદીય સંસ્થાઓની ભવ્ય ઇમારત મજબૂત અને હેતુલક્ષી બનાવવામાં બે ગુજરાતના પનોતા પુત્રોનો સિંહફાળો છે. ચરોતરના વીર વિઠ્ઠલભાઇ પટેલ તથા શીલ, સંસ્કાર તથા નખશીખ સૌજન્યમૂર્તિ જેવા ગણેશ વાસુદેવ માવળંકર (દાદાસાહેબ માવળંકર) તેમના આ બાબતના યોગદાન માટે વિશાળ દેશનાં કરોડો નાગરિકોની સ્મૃતિમાં હંમેશા આદરની લાગણી સાથે જીવંત રહેશે. દાદા સાહેબ માવળંકર આપણી પ્રથમ લોકસભાના સ્પીકર હતાં અને તેઓ મૂળ મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશનાં હોવા છતાં કાકાસાહેબની જેમ તેઓ પણ સવાઇ ગુજરાતી હતા. દાદાસાહેબે નિષ્ઠા અને જતનથી તેમજ બંધારણની ભાવનાઓને અનુરૂપ રહીને આપણી સંસદીય પ્રથાઓ જયારે બાળસ્વરૂપે હતી ત્યારે ત્યારે તેનું રક્ષણ તથા સંવર્ધનનું કાર્ય કર્યું હતું. દાદાસાહેબ પોતે ન્યાયાધીશના સંતાન હતા. પિતા પાસેથી જ એમને ન્યાયમૂર્તિ અભિગમ, પ્રમાણિકતા તથા અભ્યાસુ વૃત્તિનો અમૂલ્ય સંસ્કાર વારસો પ્રાપ્ત થયો હતો. દાદાસાહેબે તેમનાં લાંબા જાહેર જીવનમાં જે કોઇ જવાબદારી સ્વીકારી તેને એક સમાન નિષ્ઠાથી નિભાવી. અમદાવાદ મ્યુનિસિપાલીટીના પ્રમુખ તરીકેની તેમની કામગીરી પણ સરદાર સાહેબની આ હોદ્દા પરની કામગીરીની જેમ ઇતિહાસનું ઉજ્જવળ પ્રકરણ છે. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની શૈક્ષણિક કાર્યોમાં ધબકતી સંસ્થાઓએ દાદાસાહેબની સ્મૃતિનાં જીવંત તથા ભવ્ય સ્મારકો છે.

સ્વતંત્ર ભારતની લોકસભામાં પહેલાં સ્પીકર તરીકે દાદાસાહેબે સંસદીય કાર્યપદ્ધતિના સંચાલનના ઉચ્ચ આદર્શો સ્થાપિત કર્યા અને સંસદની ગરીમા હંમેશા જળવાય તેવા ધોરણોથી સ્થાપના કરી. સ્પીકરના પદની ગરીમાને વધારવામાં પણ મહત્ત્વનો ફાળો આપ્યો. સ્પીકરનું કામ અસરકારક રીતે નિભાવવામાં વિચારોની સ્પષ્ટતા, નિયમોની ઊંડી જાણકારી, નમ્રતા તથા હિંમત એ બધાં ગુણોની જરૂર છે. જે બાબતો દાદાસાહેબમાં બધાંને જોવા મળતી હતી. એક પ્રસંગ એવો નોંધાયો છે કે, દેશનાં પ્રથમ પ્રધાનમંત્રી તથા તે સમયના ખૂબ જ લોકપ્રિય નેતા પંડિત નહેરૂએ દાદાસાહેબને કોઇ બાબતની ચર્ચા માટે પ્રધાનમંત્રીની કચેરીમાં આવવા જણાવ્યું. દાદાસાહેબને લાગ્યું કે સ્પીકર જો પ્રધાનમંત્રીને મળવા તેમની કચેરીમાં જાય તો સ્પીકરના મોભાની ગરીમા ન જળવાય અને એક અનુચિત પ્રણાલિકા પણ સ્થપાય. દાદાસાહેબે નમ્રતાપૂર્વક પરંતુ સંપૂર્ણ દ્રઢતાથી પંડિતજીને પ્રતિભાવ આપ્યો કે તેઓ પ્રધાનમંત્રી ઇચ્છે તો જરૂર સ્પીકરની રૂમમાં આવીને મળી શકે, ચર્ચા કરી શકે છે. જેમની સ્તા તથા લોકપ્રિયતાનો સ